# AIથી માનવજીવનનો મૃત્યુઘંટ વાગશે?



પગરવ
★ પ્રશસ્ત પંડ્યા

આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) તેની સીમાથી આગળ નીકળી જશે તો અનેક લોકોની નોકરી ખાઈ જશે તેવી ભીતિ દર્શાવાતી હતી. એ ઉપરાંત પણ અનેક ક્ષેત્રમાં તેની માઠી અસરો થશે તેવો ડર દાખવવામાં આવી રહ્યો હતો. પરંતુ હવે તે ડર વાસ્તવિકતામાં પરિણમ્યો છે અને હવે ખુદ 'AI' કંપનીઓ તેનાથી ડરી રહી છે. અને આ ડર એટલો વ્યાપ્યો છે કે 'AI' ક્ષેત્રની ચાર મસમોટી કંપનીઓ એક થઈને તે વિશે વિચાર કરી રહી છે. આ ચાર નામોમાં એક છે 'એન્થ્રોપિક' કંપનીના સીઈઓ ડારિયો આમાદેઈ, બીજા છે 'ઓપનAI'ના સેમ ઓલ્ટમેન, 'ગૂગલ ડીપમાઈન્ડ'ના ડેમિસ હસાબિસ અને 'ગ્રોક AI'ના એલન મસ્ક. 'AI'ની દુનિયાના આ મોટા માથાં છે અને તેઓ હરહંમેશ એકબીજાને પ્રતિસ્પર્ધી માનતા આવ્યા છે. પરંતુ 'AI' જે રીતે વિકસી રહ્યું છે, તેનાથી તેઓને પણ ડર છે કે 'AI'નો ઝડપી વિકાસ તેઓને લાભ કરતાં વધુ નુકસાન ન પહોંચાડે! આ કંપનીઓ આમ તો પોતાની રીતે કોઈ પણ સમસ્યાનું સમાધાન શોધવામાં માહેર છે, પરંતુ આ કિસ્સામાં તેઓ સામે આવીને એવું કહી રહ્યા છે કે આનું સમાધાન નથી. તેનું એક મહત્ત્વનું કારણ એ છે કે 'AI' જો ઝડપથી વિકસશે તો તેમના કન્ટ્રોલમાં પણ 'AI' રહેશે નહીં.

આ ભીતિ વિશે વિગતે લખનારા 'એન્થ્રોપિક AI'ના સીઈઓ ડારિયો આમાદેઈ છે. તેમણે 'વી મસ્ટ પેસ ધ ફ્રન્ટિયર'ના મથાળેથી એક લેખ લખ્યો છે. આ લેખમાં તેઓ લખે છે કે, 'હું પાછલા બાર વર્ષથી 'AI' પર કામ કરી રહ્યો છું, કારણ કે મને ખ્યાલ છે કે આ માનવીના જીવનની ગુણવત્તા અદ્વિતીય રીતે સુધારી શકે છે. આપણે અગાઉ પણ જોયું તે રીતે 'AI' પણ અનેક ટેક્નોલોજીની જેમ જોખમી છે. ઉપરાંત આ ખૂબ તાકાતવર ટેક્નોલોજી છે. આ જોખમ ગંભીર છે. તેમાં વિશેષ કરીને 'AI' સિસ્ટમનો કન્ટ્રોલ ગુમાવી દેવો, સાઈબર એટેક અને બાયો ટેરરિઝમ માટે તેનો ઉપયોગ થવાની શક્યતા છે. ઉપરાંત, કેટલાંક કિસ્સામાં તે આર્થિક મુશ્કેલી ઊભી કરે તેવી પણ સંભાવના છે. એટલે અગત્યનું છે કે 'AI'નો વ્યાપ-તાકાત વધે તે સાથે તેની ઝડપને ધીમી કરવાની જરૂર છે, જેથી તેની સાથે સંકળાયેલી સુરક્ષાની તૈયારીઓ માટે પણ સમય મળી રહે.'

**'AI' જે રીતે વિકસી રહ્યું છે, તેનાથી તેઓને પણ ડર છે કે 'AI'નો ઝડપી વિકાસ તેઓને લાભ કરતાં વધુ નુકસાન ન પહોંચાડે! આ કંપનીઓ આમ તો પોતાની રીતે કોઈ પણ સમસ્યાનું સમાધાન શોધવામાં માહેર છે**

સ્વાભાવિક છે કે 'AI'નું જમા પાસું જોનારા આ જ લોકો હતા અને હવે તેની મર્યાદાઓ પણ તેઓ દાખવી રહ્યા છે. ડારિયો આમાદેઈ એ વિશે પણ પોતાના લેખમાં લખે છે કે, 'ભીતિનું પ્રથમ કારણ છે કે 'AI'ની પોતાને વધુ તાકાતવર બનાવવાની કાબેલિયત. 2026માં 'AI' મોડલ જાતે જ પોતાનું વધુ તાકાતવર રૂપ તૈયાર કરવામાં લાગેલા છે. આ ક્રમને અનિયંત્રિત રૂપે છોડી દેવામાં આવે તો 'AI' આપણી સમજથી અને કન્ટ્રોલથી બહાર નીકળી જશે.' આ વાતને 'ઇન્ડિયન એક્સપ્રેસના હિન્દી' યૂટ્યુબ ચેનલની એન્કર-પત્રકાર સ્વાતિએ એક વિડિયો બનાવ્યો છે. તેમાં તેઓ આ પૂરા મુદ્દાને વધારે સરળતાથી સમજાવે છે. તેઓ આ વિષય અંગે કહે છે કે, 'આપણે માનવીઓ દ્વારા એક મશીન બનાવવામાં આવી. આપણામાંથી જે શ્રેષ્ઠ અને ઇન્ટેલિજન્ટ છે તેમણે આ મશીન બનાવી. તે મશીન પાસે પોતાની ઇન્ટેલિજન્સ સિસ્ટમ છે, જે એવી તાકાતથી લેસ છે, જે પોતાનું શ્રેષ્ઠ અને તેનાથી પણ શ્રેષ્ઠતમ વર્ઝન બનાવી શકે છે. અને પાછું તે એટલી ઝડપથી નવું વર્ઝન બનાવે છે કે તેની સિસ્ટમ, તેની સૂક્ષ્મતા અને ટેક્નોલોજી આપણામાંથી અનેક શ્રેષ્ઠ લોકોની ક્ષમતાથી ઘણી આગળ હોય. તો આપણે શું કરીશું? આપણો કોઈ કન્ટ્રોલ તેના પર રહેશે નહીં.'

ડારિયો આમાદેઈ બીજી એક ઘટનાને પણ ભીતિનું કારણ દાખવે છે અને તે છે 'હગિંગ ફેસ હુમલો'. આમ તો આ કોઈ સાયન્સ ફિક્શન જેવું લાગે, પરંતુ આ વર્ષના જુલાઈ મહિનામાં બન્યું હતું એવું કે હગિંગ ફેસ, જે 'AI' અને મશીન લર્નિંગનું એક પ્લેટફોર્મ છે. વિશ્વભરના ડેવલપર્સ પોતાના 'AI' કોડ અને મોડલ્સ વિનામૂલ્યે અહીં એકબીજા સાથે શેર કરે છે.

આ વર્ષે જુલાઈમાં 'ઓપનAI'ના રિસર્ચર લેબોરેટરીમાં 1200 'AI' એજન્ટ્સ યોગ્ય રીતે કામ કરે છે કે તેની તપાસ કરી રહ્યા હતા. વિશેષ કરીને સાઈબર સિક્યોરિટીનું કામ.

આ 'AI' એજન્ટ્સને એક સુરક્ષિત જેલ જેવી ખોલીમાં બંધ કરવામાં આવ્યા હતા, જેથી તેઓ ઇન્ટરનેટ સુધી ન પહોંચી શકે.



સામાન્ય રીતે 'AI'ને કશુંક આપણે પૂછીએ ત્યારે તે જવાબ આપે છે અથવા તો એક્ટ કરે છે. પરંતુ આ કિસ્સામાં કોઈ પણ માનવીય દખલ વિના 'AI' એજન્ટોએ એવું કામ કર્યું કે જેનાથી સૌ કોઈ ડરી ગયા! આ 'AI' એજન્ટ્સને એકબીજા સાથે વાત કરવાની મર્યાદા બાંધવામાં આવી હતી. પરંતુ આ એજન્ટોએ પૂરી સિસ્ટમની મર્યાદાઓનો ઉપયોગ કર્યો અને અરસપરસ એક આખું નેટવર્ક બનાવ્યું, એકબીજા સાથે વાત કરી અને હજારોની સંખ્યામાં એકબીજાને મેસેજ કર્યા. તેમણે એક ટીમની જેમ કામ કર્યું. પોતાનું ટાર્ગેટ પૂરું કરવાના ઉદ્દેશથી તેમણે સિક્યોરિટી નેટવર્ક તોડી દીધું અને ઇન્ટરનેટ સુધી પહોંચી ગયા.

'AI' એજન્ટ્સ બહાર આવતાંની સાથે જ તેમણે જ્યાં વિનામૂલ્યે કોડ મૂકવામાં આવતા હતા, તેના સર્વર પર હુમલો કરી દીધો. એ રીતે સિસ્ટમને હેક કરી દીધી અને સૌથી આશ્ચર્યની વાત તો એ છે કે પકડાઈ જવાના ડરથી તેમણે નકલી પુરાવા પણ ઊભા કરી દીધા, જેથી માનવીને તેમના પર કોઈ શંકા ન જાય. આ બધું થયું ત્યાં સુધી 'ઓપનAI'ની ટીમને ખબર સુધ્ધાં ન પડી અને તેમને ત્યારે ખબર પડી જ્યારે 'હગિંગ ફેસ'ના પ્લેટફોર્મ પર એક સૂચના આવી.

માનવીના જીવનમાં મશીનની દખલગીરીથી અનેક વાર માનવ જીવનનું તંત્ર ખોરવાયું છે, પરંતુ આ વખતે હવે તંત્ર ખોરવવા માટે 'AI'ને કોઈ પણ માનવીય નિર્દેશની જરૂર પડતી નથી. એટલું જ નહીં, 'AI' એજન્ટોએ જાતે જ યોજના બનાવી, વિચારીને એક ષડયંત્ર ઊભું કરીને પોતાની ટીમ ઊભી કરીને સાઈબર હુમલો કર્યો અને માણસ ગુનો આચરે અને પછી જ્યારે તેના ગુનાના નિશાનીઓ મિટાવવા પ્રયાસ કરે, તે રીતે 'AI' એજન્ટોએ કામ કર્યું છે. અને તેથી જ ઇન્ડસ્ટ્રીના એક્સપર્ટ આને ખૂબ મોટી ઘટના ગણી રહ્યા છે. જો આ રીતે 'AI' એજન્ટ કામ કરે અને તેના પર કોઈ નિયંત્રણ ન રહે તો આજે ઇન્ટરનેટ પર જોવા મળતી અનેક સિસ્ટમોને તે હેક કરીને કરોડોનું નુકસાન પણ કરી શકે છે.

'AI' દ્વારા આવું ન થાય તે માટે શું કરવું જોઈએ તે અંગે એક સૂચન એવું પણ છે કે 'AI'ની સિક્યોરિટીને લઈને એક થર્ડ પાર્ટી ઇન્સ્પેક્શન થવું જોઈએ. જેઓને આ પૂરા ક્ષેત્રમાં કોઈ લાભ નથી, તેઓ તેની સમીક્ષા કરે. ઉપરાંત બીજું સ્ટેપ એ છે કે જે દેશો 'AI'નો ઉપયોગ કરવાના છે, તેઓ તેના સુરક્ષા માપદંડ નિર્ધારિત કરે અને શક્ય હોય તો અમેરિકા જેવા દેશો 'AI' સિસ્ટમનો ત્રણથી ચાર વર્ષ દરમિયાન ઉપયોગ કરે તે પછી અન્ય દેશોમાં તેનો ઉપયોગ થાય, જેથી સુરક્ષા ઠોસ રહી શકે. અને ત્રીજું કે કોઈ પણ 'AI' મોડલ લોન્ચ થાય અને તેનો ઉપયોગ કોઈ દેશ કરવા ઇચ્છે તો તેની સાથે એવા કરાર થાય, જેથી કોઈ નુકસાન ઊભું થવાની શક્યતા ન રહે.

આ પૂરી ઘટના ઉપર દર્શાવી તે એટલી જ ભયાવહ છે જે દાખવવામાં આવે છે. તો આને લઈને પણ મતમતાંતર છે. જેમ કે એક વર્ગ એવું માને છે કે આ રીતે જાયન્ટ્સ 'AI' કંપનીઓ ડર દાખવીને પોતાનો એકાધિકાર બજારમાં રાખવા માંગે છે. એક બીજો તર્ક એવો પણ છે કે AIનું સેક્ટર સૌ માટે ન ખુલે તે માટે પણ આ સ્થિતિ ઊભી કરવામાં આવી છે. જોકે 'ઓપનAI'ના સેમ ઓલ્ટમેનનો પબ્લિક શેર લાવવા અંગે હવે વધુ સમય રાહ જોવાની વાત કહી છે. તેઓ કહે છે કે 'AI' માનવીય મૂલ્યોની જેમ વર્તે તેની અમે રાહ જોઈ રહ્યા છીએ અને પછી પબ્લિક શેર લાવીશું.

ટેક્નોલોજી અને યંત્રની મર્યાદાઓને લઈને અત્યાર સુધી જે ભીતિ દાખવવામાં આવતી હતી, તેનાથી 'AI' ઘણું આગળ નીકળી ચૂક્યું છે. આ રહસ્યમય દુનિયાના પડદા ક્યારે ખુલશે તે તો હવે સંભવતઃ 'AI' જ દાખવી શકે.